# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

હાથમાં પેન હોતી નથી ને લખું છું,
આ હવામાં બહુ સાચવીને લખું છું.

એક કમરામાં બેસી મથીને લખું છું,
બહાર ખુલ્લા મને નીકળીને લખું છું.

ભીતરી ભવ્યતા જોઈ લઈને પહેલાં,
હું તને દૂરથી નીરખીને લખું છું.

પંખીઓ ચાંચ ઊંચી કરે છે ગગનમાં,
એમ પૃથ્વી તરફ હું નમીને લખું છું.

પાન પાસે બીજું પાન ફૂટે છે એમ જ,
શબ્દને શબ્દ પાસે મૂકીને લખું છું.

- ભરત વિંઝુડા

## પાથેય

- રમેશ ઠક્કર

# વિસરાતી કાવ્યધારા...

માણસની જેમ કાવ્યપ્રકારોનું પણ નસીબ હોય છે..સંસ્કૃત સાહિત્યમાં મહાકાવ્યોની બોલબાલા હતી..એક સમયે આપણે ત્યાં નરસિંહનાં પ્રભાતિયાં કે મીરાનાં ભક્તિપદો ઘેરઘેર જાણીતાં હતાં..એ પછી આખ્યાનો આવ્યાં એમાં પ્રેમાનંદ જેવા મહાકવિ મળ્યા.. જેણે ગુજરાતી ભાષાને ટોચ ઉપર પહોંચાડી...

એક જમાનો સોનેટનો પણ આવી ગયો..અને કેટલા બધા કવિઓ સોનેટથી જાણીતા થઈ ગયા? બ.ક.ઠાકોર,રાજેન્દ્ર શાહ,અને ગાંધીયુગના અનેક સર્જકોએ સોનેટને લાડ લડાવ્યાં..એ સમયે ગીત પણ સમાંતરે ચાલ્યું..અને ઉત્તમ ઉર્મિગીતો એ ગુજરાતી ભાષાને વૈભવશાળી બનાવી..ત્યારે ગઝલ એ એટલો લોકપ્રિય કાવ્ય પ્રકાર ન હતો...કવિઓ એનાથી અંતર રાખતા..ગઝલ લખવામાં નાનપ પણ અનુભવતા..આજે ગઝલ સિવાય કશું લખાતું નથી..!

કાવ્યની કેડીએ જે અવનવા પ્રયોગો થયા એમાં મહાકવિ ન્હાનાલાલે પ્રયોજેલી ડોલનશૈલી અને કવિ "કાન્ત" દ્વારા આવિષ્કાર પામેલો ખંડકાવ્ય નામનો અનોખો પ્રયોગ ગણી શકાય...મહાકાવ્યમાં કોઈ સમગ્ર ઘટના કે બનાવનો વૃતાંત આવતો.ઉર્મિકાવ્ય એકાદ સ્પંદન કે ઉર્મિને રજુ કરતાં હોય છે. પરંતુ કોઈ ઘટનાના એક ખંડ કે એક વિચાર કે એક વ્યક્તિ ને કેન્દ્રસ્થાને રાખી લખાતું કાવ્ય એટલે ખંડકાવ્ય..એ થોડુંક લાંબુ હોય,છંદોબધ્ધ હોય..આખ્યાન જેવું વિશાળ ફલક ના હોય કે ગીત જેવા બે ચાર અંતરા ના હોય પણ એક ચુસ્ત રચના હોય છે..

કાન્તનું "અતિજ્ઞાન" એ સહદેવની મનોવ્યથાને આબેહુબ રજુ કરતું અદ્ભૂત ખંડકાવ્ય છે.."ચક્રવાક મૈથુન" એ પક્ષીજગતની માન્યતાને કેન્દ્રસ્થાને રાખી સર્જેલું ઉત્તમ કાવ્ય છે...એ પછી ન.ભો.દિવેટીયાએ ખંડકાવ્યો લખ્યાં પણ એમાં કાન્ત જેવી કલાત્મકતા ન હતી.."કલાપી" એ આ પ્રકારને એક જબરજસ્ત પ્રતિસાદ આપ્યો "ગ્રામ્યમાતા","બિલ્વમંગળ" "સારસી" જેવાં એમનાં ખંડકાવ્યો એક અલગ પ્રકારે અનોખાં છે..ઉમાશંકર જોશીનું "સમષ્ટિના સત્યનું હું ય રશ્મિ " એ કર્ણના મનોભાવ આલેખતું સુંદર ખંડકાવ્ય છે..ઝવેરચંદ મેઘાણીનું "અભિસાર" અને બ.ક ઠાકોરનું "બુધ્ધ" પણ જાણીતાં છે..

વચ્ચેના સમયમાં હાઈકુ અને મુકતક જેવા લઘુ કાવ્યપ્રકારો પણ આવ્યા..અને પછી તો ગીત ગઝલની જૂગલજોડી જામી ગઈ..અને હવે તો ગઝલ એ જ કવિતા એવી પરિસ્થિતિ છે..નવા કવિઓ તો ગઝલની ઝેરોક્ષ જેવાં રદીફ કાફિઆના સ્થાને પ્રાસાનુપ્રાસવાળાં આભાસી કાવ્યો જ લખે છે...ખંડકાવ્ય તો હવે લુપ્ત છે..સોનેટ પણ જવલ્લે જ કોઈ લખે છે..ગઝલની ભરતી વચ્ચે ગીત હજુ લહેરાય છે...એક જમાનામાં દમામભેર લખાતાં ખંડકાવ્યોનો આજની પેઢી અભ્યાસ કરે તો પણ એમાંથી એક ભુલાયેલી વિરાસતનો વૈભવ જોઈ શકાય છે..

# રીક્ષા ચાલક પિતાના સંકલ્પવાન દીકરાની કહાની



બનારસમા ફેકટરીઓના ઘોંઘાટવાળા વિસ્તારમાં ધનાઢ્યોની કોલોની પાસે એક સાંકડી ગલીમાં નાનકડી ભાડાની ખોલીમાં રહેતા પરિવારના હોનહાર છોકરાની આ વાત છે. છઠ્ઠા સાતમામાં ભણતો આ છોકરો એક દિવસ રમતા રમતા એના મિત્ર સાથે તેના બંગલામાં પહોંચી ગયો. મિત્રના પિતાજી આ બાળકને જોઈને એની ઉપર ગુસ્સે થઈ ગયા, ધમકાવીને એમણે આ છોકરાને કહ્યું, 'તારા જેવા પરિવારના છોકરાઓની મારા ઘરમાં આવવાની હિમ્મત થઈ કેવી રીતે ? ' આમ કહીને હાથ પકડીને એને બંગલાની બહાર કાઢી મૂક્યો. એ ચોંકી ગયો. અંકલના આવા બેહુદગીભર્યા વર્તનથી. દસ-બાર વર્ષના આ નાના બાળકને ખબર જ ન પડી કે અંકલ એકદમ મારી ઉપર ગુસ્સે કેમ થઈ ગયા ?

દિવસો સુધી આ બાળકના મનમાં મિત્રના પિતાજીએ કરેલો ગુસ્સો અને વર્તણૂંક સતત ઘુમરાતા રહ્યાં અને એનો જવાબ શોધવા એનું બાળમાનસ મથતું રહ્યું. પણ તેને કોઈ જવાબ ન મળ્યો. આ બાળકે એની ગલીમાં રહેતા એક વરિષ્ઠ સજ્જનને એના મિત્રના પિતાજીએ કરેલા ગુસ્સાની વાત કરી અને પૂછ્યું 'મારા કોઈપણ વાંક વગર એ અંકલે મારી ઉપર ગુસ્સો કરીને મને એમના ઘરની બહાર કેમ કાઢી મૂક્યો ?' ગલીના વરિષ્ઠે બાળકને સમજાવ્યું કે, 'બેટા તારા પરિવારના સામાજિક 'બેકગ્રાઉન્ડ'ને કારણે એ અંકલે તારી ઉપર આવો ગુસ્સો કર્યો.'




બાળકે સહજતાથી પૂછ્યું ' મારું આ બેગ્રાઉન્ડ કેવી રીતે બદલી શકાય ?'

પેલા વરિષ્ઠે જવાબ આપ્યો 'તારા પિતાજીનો વ્યવસાય બદલાય અથવા તું તારી જાતને સમાજમાં એવા સ્થાને મૂકી દે કે એની ઉપર જવાનું કોઈ કલ્પી ન શકે.'

બાળકે ફરી પ્રશ્ન કર્યો, 'આ દેશમાં એવું શું છે કે, એની ઉપર જવાનું કોઈ વિચારી ન શકે ?'

વરિષ્ઠે મજાકમાં કહ્યું કે, 'તું આઈ.એ.એસ. બની જાય તો એની ઉપરની કોઈ જોબ નથી.'

બસ, એ દિવસે આ બાળકે દ્રઢ સંકલ્પ કર્યો કે, હું આઈ.એ.એસ. બનીશ. પાંચ વ્યક્તિનો પરિવાર. બાર બાય આઠની ભાડાની ખોલી. આસપાસ ફેકટરીઓ અને જનરેટરનો ઘોંઘાટ. આર્થિક સંકડામણ અને ઉપરથી આસપાસના લોકોના મહેણાં-ટોણાં. હદ તો ત્યાં સુધીની હતી કે, આ બાળકની બહેન ભણવા જતી તો લોકો ચીઢવતા કે, 'તું શું કામ ભણવા જાય છે. આના કરતાં તો બે-ચાર ઘરે કામ કરીશ તો તારા પરિવારને મદદ થશે ?' આ બાળક પણ જ્યારે ભણતો હોય ત્યારે લોકો મશ્કરી કરતાં કે, 'ભાઈ, તું ભણીને શું કરીશ ? વધુમાં વધુ એક ને બદલે બે રિક્ષા આવશે...'

બેટાના અભ્યાસ માટે પિતાજીએ દિલ્હીમાં રિક્ષા ચલાવી. સખત મહેનત કરી. દેવું કર્યું અને દીકરાને ભણાવ્યો. મજબૂત સંકલ્પ અને સખત મહેનતના બળે દીકરો પણ યુ.પી.એસ.સી.ની લેખિત પરીક્ષાઓમાં પ્રથમ પ્રયાસે ઉત્તીર્ણ થઈ ગયો. ઈન્ટરવ્યૂ માટે જવાનો સમય આવ્યો ત્યારે આ છોકરા પાસે સારા કપડાં અને બૂટ નહોતા. આ સમસ્યા દૂર કરી સાસરે ગયેલી મોટી બહેને. બહેને આપ્યા રૂ. ૨૦૦૦. પણ આ ૨૦૦૦ રૂપિયા આપવા પાછળનો ઈતિહાસ પણ રૂવાડા ખડા કરી દે એવો છે. બહેને એની ડિલીવરી માટે બચાવી રાખેલા પૈસા ભાઈને ઈન્ટરવ્યૂ માટે આપી દીધા.

આખરે આ છોકરાના દ્રઢ સંકલ્પે શાનદાર ભવિષ્યનું સોણલું સાકાર કર્યુ. આ સંકલ્પવાન છોકરો એટલે ગોવિંદ જયસ્વાલ. એક રિક્ષા ચાલકનો દીકરો દ્રઢ સંકલ્પ અને જોરદાર મહેનતથી દેશની સૌથી અઘરી અને પ્રતિષ્ઠિત ગણાતી સનદી અધિકારીની નોકરી માટેની પરીક્ષામાં સફળતાપૂર્વક ઉત્તીર્ણ થયો અને સનદી અધિકારી બન્યો. કામિયાબી ક્યારેય મોટી નથી હોતી. કામિયાબી મેળવનારનો દ્રઢ સંકલ્પ મોટો હોય છે. આપણે એમ કહેતાં હોઈએ છીએ કે તીરાડો મોટી છે, પણ તીરાડો ક્યારેય મોટી ન હોય. મુશ્કેલીઓ, વિડંબણાઓ, પ્રશ્નોની દરારની મોટી સાઈઝ જોયા કરવાવાળો ક્યારેય વિકસી ન શકે. દ્રઢ સંકલ્પ અને મજબૂત મનોબળથી પ્રશ્નોની તીરાડ પૂરવાવાળો જ જીતતો હોય છે. આગળ વધતો હોય છે અને સફળ થતો હોય છે.

એક મિત્રનો દીકરો ૧૨મા ધોરણમાં ભણતો હતો. આ બાળક ખૂબ હોંશિયાર, ખૂબ મહેનતું. ૧૨મા ધોરણની શાળાની તમામ આંતરિક પરીક્ષામાં એ અવ્વલ રહેતો. પ્રિલિમ પરીક્ષામાં પણ એ આખી શાળામાં ૯૮ ટકા લાવીને પ્રથમ આવ્યો અને ૧૨મા ધોરણની ફાઈનલ પરીક્ષાના પચીસેક દિવસ પહેલા ટ્યુશને જતાં મોટરસાઈકલ પરથી સ્લીપ થયો. પગમા ફ્રેકચર થયું. ડૉકટર બનવાનું એનું સ્વપ્ન રોળાઈ જશે એમ બધા જ વિચારતાં હતાં. પણ આ બાળકે દ્રઢ મનોબળથી કરેલા નિર્ધાર અને સંકલ્પે એને ડગવા દીધો નહીં. મહેનતમાં કોઈ કચાશ રાખી નહીં. હાડકાના દર્દને એણે એના સંકલ્પની સંજીવનીથી નેસ્તનાબુત કરી નાખ્યું. અને જ્યારે પરિણામ આવ્યું ત્યારે આ મિત્રનો દીકરો ૯૯ ટકા માર્ક સાથે ઉત્તીર્ણ થયો. એ મનપસંદ મેડિકલ કૉલેજમાં અભ્યાસ માટે પ્રવેશ મેળવી શક્યો.

જીવનમાં ક્યારેય અટકીશ નહીં એવો નિર્ણય લેવો પડે. શક્ય છે કે, તમે લડખડાઓ, પડો પણ ખરા પણ અટકવાનું કે પાછા વળવાનું નામ ન હોવુ જોઈએ. હંમેશા સંકલ્પ નજર સામે રાખીએ અને બસ એની માટે લગનથી આગળ ધપતા રહેવાની જ મજા છે. જીવનમાં ક્યારેય કશું ઓછું હોતું જ નથી. વચમાં જ્યારે પણ જે અટકે અથવા પાછો વળે તો નિઃસંદેહપણે સમજવું કે એ વ્યક્તિ સંકલ્પવાન નથી. પડે, આખડે, લડખડાય પણ અટકે નહીં એ સંકલ્પવાન કહેવાય. પતંગને તેના ભવિષ્યની ખબર છે કે, તેણે કપાઈને ફાટી-તુટીને કચરાના ઢગલામાં જ જવાનું છે. પણ ભવિષ્યને મનમાં વાગોળીને ખૂલા આસમાનમાં ઊડવાનો દ્રઢ સંકલ્પ એ છોડી ન શકે. જ્યારે આસમાનમાં ઊડવાનો જ સંકલ્પ કર્યો હોય તો પછી ગગનની વિશાળતા જોઈને ગભરાઈને બેસી રહેવાનું વ્યર્થ છે. આકાશમાં ઊડવાનો આનંદ અને એનો સંકલ્પ એ જ સૌથી અગત્યની વાત છે.

મોટું વિચારો, જલ્દી વિચારો, આગળ વિચારો. તમારા વિચારો ઉપર તમારો જ અધિકાર છે. તમારા સંકલ્પ તમારી પાંખ છે. સંકલ્પની દ્રઢતા ઊડાનને આસાન બનાવે છે. એક ઈચ્છાથી કશું ન બદલી શકાય. એક નિર્ણયથી કદાચ થોડું ઘણું બદલી શકાય. પણ એક સંકલ્પથી ઘણું બધું બદલી શકાય. ઈચ્છાઓના બીજ ત્યારે જ અંકુરિત થઈ વટવૃક્ષ બને જ્યારે એને દ્રઢ નિશ્ચય અને મજબૂત સંકલ્પની ફળદ્રુપ ભૂમિમાં વાવવામાં આવે. એ વ્યક્તિને હરાવવો ખૂબ મુશ્કેલ છે કે જે હારવા માંગતો જ નથી. એક બાબત મનમાં કોતરાઈ જવી જોઈએ કે જે તમારી ઈર્ષા કરે છે એને ક્યારેય ધૃણાની નજરે ન જોવા બલ્કે દયાની નજરે જોવા કારણ કે આ લોકો સમજે છે કે, એમનાથી તમે ઘણાં આગળ છો.

ફેસબુકનું સર્જન કરી દુનિયાભરને ઝડપી કોમ્યુનિકેશનની નવી પરિભાષા શીખવાડનાર માર્ક ઝકરબર્ગ કહે છે કે, 'લોકો એની પરવા નથી કરતા કે તમે શું કહો છો, લોકો તો એ જુએ છે કે તમે શું કરો છો, તમારું કાર્ય શું છે, પરિણામ શું છે અને તમારી પ્રોડક્ટ શું છે ?' જીવન સૌંદર્યથી ભરપુર છે. એને દ્રઢ સંકલ્પની સંજીવનીથી જોવું પડે, મહેસૂસ કરવું પડે, સંપૂર્ણ રીતે જીવવું પડે. મજબૂત ઈરાદાઓ, સખત પરિશ્રમના બળથી એને હકીકતમાં પલટાવવા જોઈએ. હરીપ્રસાદ દ્વિવેદીજીએ સરસ વાત કરી છે. 'મહાન સંકલ્પો જ મહાન ફળના જનક હોય છે.' સંકલ્પ મનુષ્યનું સાચું બળ છે. જે વ્યક્તિએ સંકલ્પ કર્યો એની માટે હવે માત્ર કાર્ય જ કરવાનું બાકી હોય છે. સમય નથી એ તો બહાનુ છે. સફળ થયેલા વ્યક્તિ પાસે દિવસના ૨૪ કલાક છે એમ તમારી પાસે પણ દિવસના ૨૪ કલાક જ છે.

જીવનનો સ્પષ્ટ નિયમ છે, આત્મવિશ્વાસ ડગતો હોય તો એને વધારવા માટે એ જ કામ કરો કે, જેનાથી સૌથી વધારે તમને ડર લાગતો હોય. મુસીબત અને સંકલ્પ આડેના અંતરાયો બધા ઉપર આવે, પણ કોઈ મુસીબતથી હટી જાય અને કોઈ મુસીબતને કારણે કંઈક બની જાય. સંકલ્પમાં સૌથી વધુ તાકાત હોય છે. યાદ રહે, જીવનમાં સૌથી વધુ ખુશી એ કામમાં આવવી જોઈએ કે, જે કામ કરવા માટે લોકો એમ કહેતા હોય કે, ' ભાઈ રહેવા દે આ કામ તું નહીં કરી શકે. 'જો તમે તમારું સ્વપ્નું નહીં સજાવોને તો કોઈક બીજો તેનું સમણું સાકાર કરવા તમને એની મદદ માટે ભાડે રાખી લેશે. સંકલ્પો સ્વપ્નું સજાવે છે. આપણે એવા જ બનીએ છીએ જેવું આપણે વિચારીએ છીએ.

**ધબકાર :**

એક ઈચ્છાથી કશું ન બદલી શકાય, એક નિર્ણયથી કદાચ થોડું ઘણું બદલી શકાય પણ સંકલ્પથી ઘણું બધું બદલી શકાય છે.

# વસુધૈવ કુટુમ્બકમની ભાવના તો જ વિકસે જો આપણે આપણા કુટુંબની સુધા માણીએ!

ગત સપ્તાહે પરિવારની જે વાતનો આરંભ કર્યો હતો તેમાં વસુધૈવ કુટુંબકમની ભાવના સાથેના સામાજિક પરિવાર, રાષ્ટ્રીય પરિવાર વ્યક્તિથી સમષ્ટિ સુધી જવાના પરિવારની વાત કરી હતી. પણ આ બધાનું મૂળ જ્યાં આરોપાય છે તે તો આપણો પોતિકો પરિવાર જ હોય છે "ચેરીટી બિગિન્સ એટ હોમ" એ કહેવત એમનેમ થોડી પડી હશે!! પરિવારને એક વૃક્ષની જેમ કલ્પીએ તો તેના મૂળિયા તે આપણા મોભી હોય છે. પરિવારનું થડ એ ગૃહિણી હોય છે. સૌપ્રથમ તો લાડકોડથી ઉછરેલી દીકરી ૨૫ ૨૬ વર્ષ સુધી જ્યાં ઉછરી હોય ત્યાંથી એક ઝાટકે જ તેનો પરિવાર બદલીને તેને નવા પરિવારને અપનાવવાનો હોય છે. આ વાત જ તેના વ્યક્તિત્વમાં એક વિશિષ્ટ પ્રભાવ ઊભો કરે છે. અપેક્ષા તેની પાસેથી એવી જ રાખવામાં આવે છે કે તે નવા પરિવારને પણ ખૂબ જ આસાનીથી સરળતાથી સ્વીકારી લે તથા તેમની પરંપરાઓને આગળ વધારે. આપણે જે સંયુક્ત પરિવારો તૂટતા જોઈએ છીએ તેની પાછળ પણ આ જ વાતની અણસમજ દેખાય છે. જે ગૃહિણી - જે સ્ત્રી જેટલું વધુ જતું કરે તેટલા પરિવારો તૂટતા વધુ બચે. અને જે સ્ત્રી સાચા અર્થમાં ગૃહિણી ન થાય અને પરિવાર ભાવનાની સામે સ્વવિકાસ ને વધુ મહત્ત્વ આપે ત્યાં પરિવાર સંયુક્ત પરિવારો તૂટે. એક પરિવાર ખરા અર્થમાં ઉદ્દાત્ત ત્યારે જ બની શકશે જ્યારે આ ગૃહિણીઓએ જતું કરવાની આવશ્યકતા જ ન રહે.. તેમની મૂંગી ચાહ અને આહ જ્યારે પરિવારનો પ્રત્યેક સભ્ય સમજવા લાગશે ત્યારે તો સોનાનો સૂરજ ઊગશેપજો કે આવા દ્રશ્યો અમુક તમુક જગાએ દ્રશ્યમાન થાય છે. પરંતુ હજી સંપૂર્ણ સૂરજ ઉગવાને તો વાર જ છે. ખેર, જ્યારે જ્યારે વિશાળ પરિવારની એક પરંપરા જ્યાં જ્યાં જોવા મળી હશે ત્યાં ત્યાંની દરેક ગૃહિણી સાચા અર્થમાં પૂજન કરવા લાયક હશે.

સંયુક્ત પરિવારો તૂટે અને વિભક્ત પરિવારનો જન્મ લે તે આજની ભૌગોલિક પરિસ્થિતિ, આર્થિક સ્થિતિ નોકરી વ્યવસાય અર્થે દૂર જવું પડે તેવા બાહ્ય કારણો તો હોઈ જ શકે. સામે અગાઉ કહ્યું તેમ ઘરની ગૃહિણી સાસુ અને વહુ, પરણીને સાસરે ચાલી ગયેલી નણંદ, સાસરે વળાવી દીધેલી દીકરીની માતા આ બધા જ સ્ત્રી પાત્રો જેટલા એકબીજાની સાથે સહજ અને સરળ તેટલા પરિવારો વધુ સુદ્રઢ અને અકબંધ રહે છે. દરેક પરિવારનો પુરુષ સામાન્ય રીતે ઘરનું આર્થિક ઉપાર્જન કરવા માટે ઘરમાં હોવા છતાં ઘરમાં નથી હોતો. જે પણ ખરેખર યોગ્ય નથી. ઘરની બહારની જવાબદારીઓ સંભાળીને પરિવાર સાચવવાની જવાબદારીથી છટકી જવું તે સર્વથા યોગ્ય નથી. બાકી આમ જોવા જઈએ તો વર્ષમાં છ ઋતુઓ આવે તેમાં વસંતની સાથે પાનખર પણ હોય હેમંતની સાથે શિશિર પણ હોય. એટલે એક જેવા દિવસો હંમેશા રહેવાના છે તેવું માનવાનું કોઈ કારણ નથી. જેમ પ્રકૃતિ માટે છ એ છ ઋતુ એક સમાન છે તેમ મનુષ્ય જીવન માટે પણ લાગણીઓના આરોહ અવરોહ ભરતી ઓટ આવતું રહે તે સ્વાભાવિક છે. આના દ્વારા જ પરિવારના દરેક સભ્યનું ઘડતર થતું હોય છે અને પરિવારની અંદર મળેલા આ ઘડતરથી તેને સમાજની અંદર કેવો વ્યવહાર કરી શકાય તેની સમજ આવતી હોય છે.

આજે વેકેશન યાદ કરીએ ત્યારે વિચાર આવે કે પરિવારની એ જૂની વિભાવના જ્યારે આજે લુપ્ત થઈ જતી દેખાય છે. તેના મૂળ કારણો શા છે ? એક જ કારણ છે. જતું કરવાની ભાવનામાં ઊણપ વરતાય છે. પોતાના અહમ અને ઈગો વચ્ચેનો ટકરાવ ખાળી ન શકાય ત્યારે પરિવારો તૂટે છે.

અગાઉ કહ્યું તે પ્રમાણે હવે પરિવારો વચ્ચે સ્થાનની રીતે પણ અંતર વધતું જાય છે. મને યાદ છે મારા દાદાજીએ અમદાવાદમાં ઘર વસાવ્યું ત્યાર પછી પોતાના સંતાનો તેમની આસપાસ જ ઘર લે તેનો ગજબ આગ્રહ સેવ્યો હતો. અને તેમના પુત્રોએ તેમની વાત માનીને તેમની આજુબાજુ મકાન લીધા. તેનો સીધો લાભ એ રહ્યો કે અમે દરેક ભાઈઓ બહેનો એટલે કે દાદા દાદીના પૌત્ર પૌત્રીઓ વારે તહેવારે જન્મદિવસોમાં એકબીજાને સતત મળતા રહી શક્યા. તેથી આજે ભલે અમે દૂર છીએ પરંતુ નાનપણના પડેલા સંસ્કાર અમને અંતરથી દૂર કરી શક્યું નથી.




હમણાં જે પિક્ચરની ખૂબ જ ચર્ચા થઈ રહી છે તે કેરાલા સ્ટોરી ક્યાંક ને ક્યાંક પારિવારિક સેતુમાં આવતી ઊણપ જ બતાવી રહ્યું છે. પરિવારની અંદર એક-મેક સાથે વાતચીત કરવાનો સેતુ તૂટી રહ્યો છે. વડીલો બાળકો સાથે બાળક બની જાય અને તેમનો દ્રષ્ટિકોણ બાળકોના દ્રષ્ટિકોણ સાથે મેળવી લે. વડીલો દ્વારા આપણા મૂળભૂત સાંસ્કૃતિક વારસાને એક પેઢીથી બીજી પેઢી સુધી લઈ જવાનું કાર્ય જો ખોરંભે ચડી જશે તો આ પ્રકારની સ્ટોરી ઘટતી રહેશે.

પારિવારિક વાતાવરણ અને પરિવારમાં એકબીજાની આમાન્યા રાખવાને કોઈના આધિપત્યને સ્વીકારવું તેવો જરાય થતો નથી. આખો પરિવાર સાથે મળીને જમે સાથે મળીને પૂજા કરે સાથે મળીને ફરવા જાય સાથે મળીને ફિલ્મ જુએ આ બધા દ્વારા ખરેખર એક ઉત્સવ જેવું વાતાવરણ ઊભું થતું હોય છે. આર્થિક રીતે સધ્ધર થયા પછી દરેક રૂમમાં પુરાઈને એકબીજા સાથે whatsapp થી ચેટિંગ કરતા પરિવારના દરેક સભ્ય દિવસમાં એક વાર તો સાથે બેસીને જમે તેવું વાતાવરણ બંને જ રહેવું જોઈએ. વર્ષો પહેલાં 'સમજણના સૂર' પુસ્તિકામાં એક સુંદર પારિવારિક પ્રાર્થના વાંચી હતી. તે અત્યારે આપ સૌ સમક્ષ પીરસવાનું મન થાય છે.

હે પ્રભુ તે મને આપેલી અસંખ્ય સોગાદોમાં સૌથી અમૂલ્ય છે અમારો પરિવાર.

અમને જન્મ આપવા માટે ત્યાં સુંદર પરિવાર પસંદ કર્યો.

ત્યાં અમે જન્મ્યાં, પોંખાયાં પોષાયાં, જતનપૂર્વક જળવાયાં, માતા પિતાનો અનહદ પ્રેમ પામ્યા.

હે પ્રભુ એમનો પ્રેમાળ નાજુક સ્પર્શ અને વહાલભર્યા આલિંગન અકબંધ રાખજે.

અમારામાં પ્રેમ, પ્રામાણિકતા, પરિશ્રમ અને જવાબદારીની ભાવના જગાડજે.

માતા-પિતા વડીલો અને ભાઈબંધો પ્રત્યેના પ્રેમ અને આદરનું ઝરણું કદી સુકાય કે ક્ષીણ ન થાય તેવા આશીર્વાદ આપજે.

ઉન્નત મસ્તકે જીવી શકીએ એવા સંસ્કાર આપજે
અને પરિવારનું નામ રોશન કરીએ એવું કાર્યક્ષેત્ર આપજે

હે પ્રભુ અમારા સમગ્ર પરિવાર ઉપર તારી અમી દ્રષ્ટિ રાખજો.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# પ્રેમની પાટકતા અનુભવતા હૃદયને નિર્મળ કરવું પડે

તાજેતરમાં ગાંધીનગરમાં યોજાયેલી પૂજ્ય મોરારિ બાપુની રામકથા નિમિત્તે અમદાવાદમાં રંગ દેવતાની ભાવપૂજાનો અષ્ટ દિવસિય ઉપક્રમ 'રંગ સંધ્યા' નામે યોજાયો હતો.

એ ઉત્સવના વિરામના દિવસે પૂજ્ય મોરારિ બાપુએ કહ્યું હતું કે 'આ રંગ સંધ્યાનો સાત્ત્વિક મનોરથ જેમણે સેવ્યો અને આજે એ મનોરથ મારી દષ્ટિએ કલ્પના કરી હશે એના કરતા સવાયો સિદ્ધ થયો છે. અથ તો સારું હતું જ, ઈતિ અમને નેતિ તરફ લઈ ગઈ .'

'આ બધું તલગાજરડાના ત્રિભુવન વટની છાયામાં થયું, અહીં શ્રદ્ધાથી મંચન થયું છે, એટલે સાધુ તરીકે રાજી થયો છું.'

આ શબ્દોએ એ રંગ સંધ્યાની સાથે જોડાયેલી તમામ કલાકારો અને શ્રોતા - દર્શકોને જાણે સત્ય - પ્રેમ - કરૂણાથી સ્નેહભીના કર્યા હતા.

'રંગ સંધ્યા'ના આ ઉત્સવ નિમિત્તે પ્રેમ અને પ્રસન્નતાનું, ભજન અને ભક્તિનું, ઉર્જા અને ઉર્મિનું અનોખું અને ભાવવાહી વાતાવરણ સર્જાયું હતું. તમામ કલાકારોની પ્રસ્તુતિમાં એક કલાકાર તરીકેનો વિવેક તો હતો જ, એમણે નિજાનંદને પણ માણ્યો એમના રાજીપા સાથે પ્રસ્તુતિ થઈ રહ્યાની અનુભૂતિ પણ અભિવ્યક્ત થઈ.

તારીખ ૨૦ના પ્રથમ દિવસે રુદ્ર ભટ્ટ અને રૂદ્ર ભટ્ટની રંગપૂજા બાદ મનોજ શાહ દિગ્દર્શિત અને ધર્મેન્દ્ર ગોહિલ અભિનિત નાટક 'મરીઝ' પ્રસ્તુત થયા હતા.

તા. ૧૪ના રોજ જાણીતા વક્તાઓ સર્વશ્રી સુભાષ ભટ્ટ, કાજલ ઓઝા વૈદ્ય, જય વસાડવા, ભાગ્યેશ જહા, દેવકી અને નેહલ ગઢવીએ 'જીવનની આરપાર' શિર્ષક હેઠળ વિચારોની આપ લે કરી હતી.

તા. ૧૫ ના રોજ અભિનય બેન્કર દિગ્દર્શિત નાટક 'વીજળી' રજૂ થયું હતું.

તા. ૧૬ મીએ ભગીરથ ભટ્ટના સિતારવાદન બાદ નિસર્ગ ત્રિવેદી, અદિતિ દેસાઈ, દેવકી, ગૌરાંગ આનંદ, આદિત્ય ગઢવી, ભાર્ગવ પુરોહિત, હર્ષ ઠક્કર, નવીન કાદરી અને હેતલ મોદીએ ગુજરાતી વાર્તાઓનું વાંચન કર્યું હતું.

તા. ૧૭ ના રોજ રૂદ્રિ ભટ્ટ, રૂદ્ર ભટ્ટ અને શિવલ ત્રિવેદીની નૃત્ય પ્રસ્તૃતિ બાદ ચિરાગ વોરા, અપરા મહેતા, સિદ્ધાર્થ રાંદેરિયા અને સરિતા જોષીએ સદાબહાર અભિનયના અંશો પ્રસ્તુત કર્યા હતા. નયન પંચોલીએ ગઝલ રજૂ કરી હતી.

તા. ૧૮ના રોજ તેજલ પાઠકના ગાયન બાદ સૌમ્ય જોષી લીખિત દિગ્દર્શિત નાટક 'યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ પાડાની પોળ' અને તા. ૧૯મીએ સૌમ્ય જોષી લિખિત - દિગ્દર્શીત નાટક વેલકમ જિંદગી ભજવાયું હતું.




તા. ૨૦ મીએ જીતેન્દ્ર બાંધણીયા દિગ્દર્શીય અને હાર્દિક પાનસુરીયાના સહ દિગ્દર્શનમા સત્ય - પ્રેમ - કરૂણાના સંદેશ પર આધારિત ઓડિયો - વીઝ્યુઅલ શૉની પ્રસ્તુતિ અંકિત ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ થઈ હતી. આ પ્રસ્તુતિમાં સત્ય - પ્રેમ - કરૂણાને જીવી ગયેલા અને જીવી રહેલા વ્યક્તિઓના સંદર્ભો સાથે આ ત્રણેથી અનુભૂતિ દર્શકોએ માણી હતી.

સત્ય માત્ર બોલવા માટે નથી, વ્યક્તિના જીવનમાં તમામ પાસામાં જીવન જીવવા માટે છે.

પરમેશ્વરનું ખરું નામ જ સત્ય છે. પ્રેમની પાટકતા અનુભવતા હૃદયને નિર્મળ કરવું પડે.

મહાભાવ તે પ્રેમ ભાવ, જે પ્રેમ તે ઈશ્વર.

પ્રેમાશ્રિતને બદલાવની અપેક્ષા હોતી નથી, માત્ર સ્વીકાર હોય છે.

આપણે કરૂણાગ્રહી નહિ, કરૂણાશ્રિત થવું જરૂરી છે. રામ સત્ય રૂપ છે, કૃષ્ણ પ્રેમ રૂપ છે, શીવ કરૂણા રૂપ છે.

આ અને આવા અનુભૂતિના શબ્દોથી સમગ્ર પ્રસ્તુતિ શ્રદ્ધા અને ભક્તિથી પ્રવાહિત થઈ હતી. પ્રસ્તુતિમાં રીટા બહેન ત્રિવેદી, કેદાર ત્રિવેદી, શીતલ ત્રિવેદી, શિવાંગી ભટ્ટ, રૂદ્રી ભટ્ટ, રૂદ્ર ભટ્ટ, નીલેશ ભટ્ટ, રાકેશ દવે, હર્ષા દવે, કુણાલ ઓઝા,અદિતિ ઓઝા, અને આસ્થા તથા મિત્રાએ અભિનય અને અવાજના ઓજસ પાથર્યા હતા.

સમગ્ર કાર્યક્રમની પરિકલ્પના કરનાર રીટાબહેન ત્રિવેદી અને અંકિત ત્રિવેદી તથા તમામ સાથીઓને સહુએ ભાવપૂર્ણ અભિનંદન પાઠવ્યા હતા.

મોરારિ બાપુના સાનિધ્યમાં નવરસનો ઉત્સવ અહીં જેમણે જેમણે જોયો - જાણ્યો - માણ્યો અને સૂર - શબ્દ - નૃત્યની અનુભૂતિ કરી એ તમામની આસપાસ રંગ સંધ્યાની અજવાળા રેલાયા હતા.